# આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ
# કોલેજ સંતરામપુર

# N S S
# વાર્ષિક અહેવાલ

## 2022-2023

## NOT ME BUT YOU

| ક્રમ | પ્રવૃત્તિ | તારીખ |
|---|---|---|
| 1 | આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે 17/06/2022 થી 21/06/2022 પાંચ દિવસીય યોગ શિબિરનું આયોજન. | 17/06/2022 થી 21/06/2022 |
| 2 | નેશનલ ઈન્ટ્રીગ્રેશન કેમ્પ | 27/06/2022 થી 03/07/2022 |
| 3 | વૃક્ષારોપણ | 18/07/2022 |
| 4 | યુવક સહકારી શિક્ષણ તાલીમ વર્ગનું આયોજન 25/07/2022 થી 30/07/2022 | 25/07/2022 થી 30/07/2022 |
| 5 | યુવક સહકારી શિક્ષણ તાલીમ વર્ગનું સમાપન કાર્યક્રમ | 30/07/2022 |
| 6 | કેમ્પસ એમ્બેસેડર તાલીમ | 29/07/2022 |
| 7 | સાયબર ક્રાઇમ અવેરનેસ કાર્યક્રમ | 30/07/2022 |
| 8 | તિરંગા યાત્રા (આઝાદીનો અમૃત મહોત્સવ ) | 10/08/2022 |
| 9 | દેશભક્તિ ચિત્ર સ્પર્ધા / રંગોળી સ્પર્ધા( આઝાદીનો અમૃત મહોત્સવ ) | 30/08/2022 |
| 10 | NSS ઓરિએન્ટેશન પ્રોગ્રામ | 12/09/2022 |
| 11 | કાનૂની શિક્ષણ શિબિર પોક્સો એક્ટની જાણકારી | 14/10/2022 |
| 12 | NSS DAY ની ઉજવણી | 24/09/2022 |
| 13 | રન ફોર યુનિટી – સરદાર વલ્લભભાઈ પટેલ ની જન્મ જયંતી નિમિત્તે | 31/10/2022 |
| 14 | મતદાન જાગૃતિ સિગ્નેચર કેમ્પ નું આયોજન | 18/11/2022 |
| 15 | બંધારણ દિવસની ઉજવણી | 26/11/2022 |
| 16 | સ્વચ્છતા અભિયાન અંતર્ગત યુઝ ડસ્ટબીન, સેવ એનર્જી કેમ્પેઇન | 05/01/2023 |
| 17 | સ્વામી વિવેકાનંદ જયંતિ ‘ યુવા દિવસ’ ઉજવણી | 12/01/2023 |
| 18 | એનિમીયા ચેકઅપ કેમ્પ | 18/01/2023 |
| 19 | ઝોનલ વર્કશોપ 21 થી 23 જાન્યુઆરી મુનપુર કોલેજ | 21/01/2023 થી 23/01/2023 |
| 20 | નેતાજી સુભાષચંદ્ર બોઝ જન્મ જયંતીની ઉજવણી | 23/01/2023 |
| 21 | રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી | 25/01/2023 |
| 22 | ફૂડ પ્લેનેટ હેલ્થ અવેરનેસ સેસન અંતર્ગત ઓનલાઈન વેબીનાર નું આયોજન | 27/01/2023 |
| 23 | પર્યાવરણ જાળવણી અર્થે પ્રકૃતિ દર્શન શિબિર પાણીયાર | 25/02/2023 |
| 24 | ક્લાઈમેટ ચેન્જ યુથ આઉટ રીચ પ્રોગ્રામ ડિબેટ સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા, સ્લોગન સ્પર્ધા, પર્યાવરણ બચાવવા નવા આઈડિયા, નિબંધ સ્પર્ધા | 28/09/202 થી 01/10/2022 |

**<u>તારીખ:-17/06/2022 થી 21/06/2022</u>**

## <u>(1)યોગ દિવસ 21 જૂન 2022</u>

કોલેજમાં NSS યુનિટ દ્વારા આઠમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અર્થે કોલેજમાં પાંચ દિવસ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. કોલેજમાં લાઇબ્રેરીયન તરીકે સેવા આપતા દિવ્યાબેન દરજી તેમજ વિવેકાનંદ કેન્દ્ર કન્યાકુમારી સંતરામપુર શાખા ના પ્રમુખ ભરતભાઈ ચૌહાણ દ્વારા શિબિરાર્થી ઓને સતત પાંચ દિવસ વિવિધ યોગાસનો કરાવવામાં આવ્યા. યોગાસનનો ઉપરાંત પ્રાણાયામ પણ શીખવાડવામાં આવ્યા હતા.












## તારીખ:-27/06/2022

## (2)નેશનલ ઈન્ટીગ્રેશન કેમ્પમાં હાજરી

ભારત સરકારના યુવા અને ખેલ મંત્રાલય દ્વારા તારીખ :-27/06/2022 થી 03/07/2022 દરમિયાન નેશનલ ઈન્ટીગ્રેશન કેમ્પનું આયોજન એલ.ડી.એન્જિનિયરિંગ કૉલેજ , અમદાવાદ, ગુજરાત મુકામે કરવામાં આવ્યું હતું જેમાં કોલેજ ના NSS યુનિટના વિદ્યાર્થી પટેલ અર્પણ કુમાર વિજયભાઈએ હાજરી આપી કોલેજ નું ગૌરવ વધાર્યું હતું.



Government of India
भारत सरकार
Ministry of Youth of Affair & Sports
युवा कार्यक्रम एवं खेल मंत्रालय
National Service Scheme Regional Directorate, Ahemedabad
राष्ट्रीय सेवा योजना क्षेत्रीय निदेशालय अहमदाबाद,
एवं/&
L.D. College of Engineering, Ahmedabad
एल. डी. कॉलेज ऑफ इंजीनियरिंग अहमदाबाद

**प्रतिभागिता प्रमाणपत्र/Certificate of Participation**

यह प्रमाणित किया जाता है कि / This is to certify that
श्री /सुश्री /श्रीमती/Mr. /Ms. / Mrs. Patel Arpankumar Vijaybhai
रा.से.यो. स्वयंसेवक / कार्यक्रम अधिकारी
NSS Volunteer/ Programme Officer of Aadivashi Arts & Commerce college (SGGU)
राज्य/संघ/State/UT Gujarat
ने दिनांक 27 जून, 2022 से 3 जुलाई, 2022 तक एल.डी. कॉलेज ऑफ इंजीनियरिंग, अहमदाबाद, गुजरात में "एक भारत श्रेष्ठ भारत" के परिपेक्ष्य में आयोजित राष्ट्रीय एकता शिविर में अपने राज्य का प्रतिनिधित्व करते हुए सफलतापूर्वक प्रतिभागिता की।
has successfully participated and represented his/her state in National Integration Camp organized in context of "Ek Bharat, Shreshtha Bharat" at L.D. College of Engineering, Ahmedabad, Gujarat from 27th June, 2022 to 3rd July, 2022.

Maj. (Dr.) C. S. Sanghvi, NSS Programme Officer
Dr. Rajul Gajjar, Principal
Shri Girdhar Upadhyay, Regional Director








**<u>તારીખ:-18/07/2022</u>**

## (3)વૃક્ષારોપણ

કોલેજના NSS યુનિટ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તારીખ:-18/07/2022 ના રોજ વર્ષા ઋતુની શરૂઆત થતાં જ વૃક્ષારોપણ કરવામાં આવ્યું. કોલેજ કાર્યાલય ની પાછળ આવેલા ખુલ્લી જગ્યામાં જ્યાં જુના છોડવા સુકાઈ ગયા હતા ત્યાં નવેસરથી રોપા લાવીને રોપવામાં આવ્યા હતા.પ્રો. વિનોદભાઈ વણકર તેમજ સ્ટાફ મિત્રો તેમજ NSS વોલન્ટીયર્સ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.












**<u>તારીખ:-25/07/2022 થી 30/07/2022</u>**

**<u>(4)યુવક સહકારી શિક્ષણ તાલીમ વર્ગનું આયોજન</u>**

આજરોજ તારીખ:-25/07/2022 ના રોજ મહીસાગર જીલ્લા સહકારી સંઘના સૌજન્યથી કોલેજમાં વિદ્યાર્થીઓને સહકારી ક્ષેત્રે પૂરતી જાણકારી મળી રહે તેમ જ ભવિષ્યમાં વિદ્યાર્થીઓને સહકારી ક્ષેત્રમાં કારકિર્દી બનાવવામા ઉપયોગી થઈ રહે તે માટે તાલીમ નું આયોજન કરવામાં આવ્યું. આ તાલીમ 25 થી 30 જુલાઈ 2022 સુધી દરરોજ 11 થી 1 સુધી ચાલતી હતી જેમાં ૪૪ વિદ્યાર્થીઓ સામેલ થયા.

સહકારી સંઘ તરફથી માનનીય શ્રી મોતીભાઈ પગી સાહેબે આ તાલીમાર્થીઓને તાલીમ આપી.












**તારીખ:-30/07/2022**

## (5)યુવક સહકારી શિક્ષણ તાલીમ વર્ગ સમાપન કાર્યક્રમ

NSS યુનિટ દ્વારા આયોજિત છ દિવસીય યુવક સહકારી શિક્ષણ તાલીમ વર્ગનું સમાપન તારીખ:- 30/07/2022 ના રોજ કરવામાં આવ્યું આ પ્રસંગે મહીસાગર જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન શ્રી બચુભાઈ ચૌહાણ, મહીસાગર જીલ્લા સહકારી સંઘના એક્ઝિટિવ ઓફિસર શ્રી અરવિંદભાઈ ચૌહાણ, મહીસાગર જિલ્લા સહકારી સંઘના એકાઉન્ટ  શ્રી અલ્પેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કોલેજના આચાર્યશ્રી અભય પરમાર  તેમજ NSS P. O. પ્રો. એ જી ઠાકોર તેમજ તાલીમ આપનાર ટ્રેનર મોતીભાઈ પગી સાહેબે વિષય ને અનુસંગીક વાત કરી હતી. વિદ્યાર્થીઓ વતી પુષ્પાબેન ખાટ, ગણપતભાઈ પટેલ, ચિરાગ ડામોર તેમજ અજય બારીયા એ પોતાના અભિપ્રાય આપ્યા હતા.












**તારીખ:-29/07/2022**

## (6)કેમ્પસ એમ્બેસેડર તાલીમ

મામલતદાર કચેરી સંતરામપુર અને જિલ્લા કલેકટર કચેરી લુણાવાડા દ્વારા કલેક્ટર કચેરી લુણાવાડા દ્વારા આયોજિત કેમ્પસ એમ્બેસેડર  તાલીમ કાર્યક્રમમાં આપણી કોલેજના NSS યુનિટના બે વોલન્ટીયર્સ  1. ડામોર મયુર અને 2. બીપીન ડીંડોર ને મોકલવામાં આવ્યા જેમાં તે બંને મિત્રોએ કેમ્પસ એમ્બેસેડર તરીકે કરવાની કામગીરીની તાલીમ અને સમજ મેળવી.












**તારીખ:-30/07/2022**

## (7)સાઇબર ક્રાઇમ અવેરનેસ કાર્યક્રમ

કોલેજના NSS યુનિટ અને પોલીસ કચેરી સંતરામપુરના સહયોગથી તારીખ :-30/07/2022 ના રોજ કોલેજમાં સાયબર ક્રાઇમ અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવ્યો આ પ્રસંગે સંતરામપુર પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ કલાસવા સાહેબ અને સેકન્ડ પી.એસ.આઇ બગડા મેડમ દ્વારા કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું. સાયબર ક્રાઇમના ગુનાઓ માટે સાયબર વોલન્ટીયર યોજના અંગે માહિતી આપી જે મુજબ વિદ્યાર્થીઓ ઓનલાઇન એપ દ્વારા પોલીસની મદદ કરી શકે તેમ જણાવ્યું.












**તારીખ:-10/08/2022**

**(8)તિરંગા યાત્રા**

આજ રોજ આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરમાં NSS, NCC અને કૉલેજ પરિવાર દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે તિરંગા યાત્રાનું તેમજ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ, જેમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપક મિત્રોએ ઉત્સાહભેર ભાગ લઈને પ્રોગ્રામ સફળ બનાવ્યો હતો..... સંસ્થાના આચાર્યશ્રી ડૉ.અભયભાઈ પરમાર સાહેબ દ્વારા યાત્રાને ખુલ્લી મુકવામાં આવી હતી.... NSS વિભાગ અધ્યક્ષ ડૉ. અમૃતભાઈ ઠાકોર, NCC વિભાગના ડૉ. હિતેશભાઈ તથા ડૉ. કામિનીબેન સમગ્ર પ્રોગ્રામ આયોજન કરેલ હતું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ યાત્રામાં સામેલ થયા હતાં. સમગ્ર યાત્રા દરમ્યાન વિદ્યાર્થીઓમાં નીતિનભાઈ પંડ્યા સાહેબ વિવિધ નારાઓના બુલંદ અવાજે યાત્રાને જીવંત બનાવવાનું અનેરું કાર્ય કરેલ હતું.. કોલેજના પ્રોફેસર શ્રી પંકજભાઈ ચૌધરી,શ્રી વિનોદભાઈ વણકર, શ્રી મુકેશભાઈ ભટ્ટ,પ્રો.રવિરાજ સિંહ પણ યાત્રામાં જોડાયા હતા.યાત્રાને અંતે “આઝાદીના અમૃત મહોત્સવ”ના ભાગરૂપે કોલેજના વિદ્યાર્થીઓ માટે દેશભક્તિ ચિત્ર સ્પર્ધા અને રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ.જેમાં ડૉ. કામિની દશોરા મેડમ,પ્રો.પારુલ મેડમ, પ્રો.ભારતી મેડમ, પ્રો શકુંતલા મેડમ તેમજ MSW કોલેજ ના જાગૃતિ મેડમ અને નયના મેડમે વિદ્યાર્થીઓને સુંદર માર્ગદર્શન આપ્યું.તેમજ સંચાલનની જવાબદારી સંભાળી હતી.સંસ્થાના દરેક મિત્રોએ ઉત્સાહભેર ઉજવણીમાં પ્રત્યક્ષ પરોક્ષ યોગદાન અમૂલ્ય હતું જે થકી યાત્રાની સફળતા રોનક સમાન બની રહી... ખરેખર આવા અદ્ભુત પ્રસંગમાં સહભાગી બનવાનો લાહવો અને આનંદ અનેરો હતો....








**<u>તારીખ:-30/08/2022</u>**

## (9)આઝાદી કા અમૃત મહોત્સવ

## દેશભક્તિ ચિત્ર સ્પર્ધાનું તેમજ રંગોળી સ્પર્ધા નું આયોજન

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત આજરોજ કોલેજના વિદ્યાર્થીઓ માટે દેશભક્તિ ચિત્ર સ્પર્ધા તેમજ રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં ડાં. કામિની દશોરા મેડમ, પ્રો. પારુલ મેડમ સહિત કોલેજ સ્ટાફનો સક્રિય સહકાર રહ્યો. NSS અને NCC ના વોલેન્ટિયર્સ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ઉત્સાહથી ભાગ લીધો હતો તેમ જ સુંદર ચિત્રો દોર્યા હતા રંગોળી અને ચિત્ર સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ દેશપ્રેમને લગતા પ્રસંગો ના ચિત્રો દોર્યા હતા.










<u>**તારીખ:-12/09/2022**</u>

## (10)ઓરિએન્ટેશન પ્રોગ્રામ

આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર NSS યુનિટ દ્વારા NSS માં નવા સામેલ થયેલા વોલેન્ટિયર્સ નો અભિમુખતા કાર્યક્રમ તારીખ :-12/09/2022 ના રોજ રાખવામાં આવ્યો. આ કાર્યક્રમમાં NSS P. O. પ્રો. અમૃત ઠાકોર તેમજ પ્રિ. ડૉ. અભય પરમાર સાહેબે વિદ્યાર્થીઓને NSS વિશે માહિતી આપી આવકાર્યા હતા તેમજ જુના વોલેન્ટિયર્સ ને ટીશર્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું.












**તારીખ:-14/10/2022**

## (11)કાનૂની શિક્ષણ શિબિર

### પોકસો એક્ટ ની જાણકારી

આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર NSS યુનિટ દ્વારા આજરોજ તારીખ:-14/10/2022 ના રોજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, મહીસાગર અને તાલુકા કાનૂની સેવા સમિતિ સંતરામપુરના સહયોગથી કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. આ શિબિરમાં સંતરામપુર સિવિલ કોર્ટના રજીસ્ટ્રાર શ્રી શિવાજી ભાઈ મહાડીક તેમજ આસિસ્ટન્ટ શ્રી બી એન ઝાલા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે બંને મહાનુભાવો એ વિદ્યાર્થીઓને બાળકોને જાતીય શોષણ સામે રક્ષણ આપતા પોકસો એકટ ની વિવિધ જોગવાઈ વગેરેની જાણકારી આપી હતી આ પ્રસંગે પ્રિ. ડૉ. અભય પરમાર એ જણાવ્યું હતું કે કોલેજના યુવાનો NSS અને NCC ના વોલન્ટીયર્સ આ કાયદા અંગે સમાજમાં જાગૃતિ ફેલાવે અને બાળકોના તંદુરસ્ત ભવિષ્ય માટે પોતાનો યથા યોગ્ય ફાળો આપે.












**<u>તારીખ:-24/09/2022</u>**

**<u>(12)NSS DAY ઉજવણી</u>**

તારીખ :- 24/09/2022 ના રોજ NSS યુનિટ દ્વારા NSS DAY ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજના વિદ્યાર્થીઓ તેમજ NSS વોલન્ટીયર્સ ને NSS DAY નું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. પ્રિ. ડૉ. અભય પરમાર તેમજ, પ્રો. નીતિન પંડ્યા ( પૂર્વ NSS પ્રોગ્રામ ઓફિસર) દ્વારા NSS વોલેન્ટિયર્સ ની કામગીરી તેમજ તેમના કાર્યના મહત્વ વિશે સુંદર માર્ગદર્શન આપ્યું હતું ત્યારબાદ NSS વોલેન્ટિયર્સ દ્વારા ક્લાસરૂમની સફાઈ કરવામાં આવી હતી.













2022-9-24 10:58


2022-9-24 11:00


2022-9-24 11:05


2022-9-24 11:22

**<u>તારીખ:-31/10/2022</u>**

## (13)રન ફોર યુનિટી નું આયોજન

આજરોજ આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરના NSS અને NCC યુનિટ દ્વારા દેશની આઝાદીના સંગ્રામના લડવૈયા લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ ની જન્મ જયંતી નિમિત્તે એક માર્ચ પાસ્ટ નું આયોજન કરવામાં આવ્યું. કોલેજ કેમ્પસથી ડૉ.બાબાસાહેબ આંબેડકર ના સ્ટેચ્યુ સુધી રન ફોર યુનિટી યોજવામાં આવી હતી.

આ પ્રસંગે પ્રિ. ડૉ. અભય પરમાર સાહેબે વિદ્યાર્થીઓને પ્રસંગોચિત ઉદ્બોધન કર્યું હતું ગુજરાતી વિભાગના પ્રોફેસર નીતિન પંડ્યા સાહેબે દેશી રજવાડાઓના વિલીનીકરણમાં સરદાર વલ્લભભાઈ પટેલના યોગદાન ના પ્રસંગોને બીરદાવ્યા હતા. જ્યાં સુધી દેશમાં લોકશાહી રહેશે ત્યાં સુધી દેશ સરદારને યાદ કરશે એવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.








**<u>તારીખ:-18/11/2022</u>**


## <u>(14)મતદાન જાગૃતિ સિંગ્નેચર કેમ્પેઇન</u>

NSS યુનિટ દ્વારા વિધાનસભા ચૂંટણી 2022 ને ધ્યાનમાં રાખીને મતદાન જાગૃતિ ઉભી કરવા સિગ્નેચર કેમ્પેનનું આયોજન કરવામાં આવ્યું આ પ્રસંગે આચાર્યશ્રી અભય પરમાર સાહેબે NSS P. O. પ્રો. એ. જી. ઠાકોરે સ્ટાફ મેમ્બર તેમજ NSS વોલેન્ટિયર્સ અને કોલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં સિગ્નેચર પોસ્ટર પર સહિયો કરી હતી. કોલેજના યુવાનોમાં મતદાન કરવા અંગે જાગૃતિ આવે તેમજ સમાજમાં પણ મતદાન કરવા જાગૃતિ ફેલાવે લોકો નિર્ભય બની મતદાન કરે અને લોકશાહીને વધુ મજબૂત બનાવે એ આ સિગ્નેચર કેમ્પેઇન નો ઉદ્દેશ હતો.












**તારીખ:-26/11/2022**

## (15)બંધારણ દિવસની ઉજવણી

આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર મુકામે આજ તા 26 નવેમ્બર 2022 ના રોજ બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી, આ પ્રસંગે કોલેજમાં વિદ્યાર્થીઓએ ભારતીય બંધારણના આમુખનું તેમજ મૂળભુત ફરજોનું વાંચન કર્યું હતુ.પ્રો એ જી ઠાકોરે બંધારણ દિવસનો ઇતિહાસ શ્રોતાઓ સમક્ષ રજુ કરતાં જણાવ્યું હતું કે આજના દિવસે બંધારણ સભાના સભ્યોએ બંધારણમાં સહી કરી દેશવાસીઓ સમક્ષ મૂક્યું હતું. બંધારણ માં નિર્દેશિત મૂલ્યો અને ડૉ. બાબા સાહેબ આબેડકર ના જીવન મૂલ્યોનો પ્રચાર પ્રસાર કરવા ભારત સરકારે 2015થી બંધારણ દિવસ ઉજવવાની શરૂઆત કરી જે ડૉ. બાબા સાહેબ ની 125મી જન્મ જયતીનું વર્ષ હતું.પ્રિ.ડૉ. અભય પરમાર સાહેબે પણ આ પ્રસંગે વિદ્યાર્થીઓને ઉદબોધન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રો. ડૉ. વિનોદભાઈ વણકરે કર્યું તેમજ આભાર વિધિ પ્રો. મુકેશભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવી.











**તારીખ:-05/01/2023**

## (16)સ્વચ્છતા અભિયાન અંતર્ગત સેવ એનર્જી અને યુઝ ડસ્ટબીન કૅમપેઈન

આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરના NSS યુનિટ દ્વારા તારીખ:-05/01/2023 ના રોજ સ્વચ્છતા અભિયાન અને પર્યાવરણ જાળવણી અભિયાન અંતર્ગત કોલેજ કેમ્પસમાં દરેક ક્લાસરૂમ ઓફિસ કાર્યાલય લાઇબ્રેરી જેવી જગ્યાએ યુઝ ડસ્ટબિન અને સેવ એનર્જી ના સ્ટીકર ચોટાડવામાં આવ્યા તેમજ દરેક ક્લાસરૂમમાં કચરો નાખવા માટે ખાલી બોક્સ મૂકવામાં આવ્યા હતા. આ અભિયાનમાં વિવેક ડીંડોર પરમાર જીગર ડામોર આયુષ વગેરે વિદ્યાર્થીઓ સામેલ થયા હતા.











**તારીખ:-12/01/2023**

## (17)સ્વામી વિવેકાનંદ જયંતિ યુવા દિવસ ઉજવણી

આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર NSS યુનિટ અને વિવેકાનંદ કેન્દ્ર કન્યાકુમારી સંતરામપુર શાખા દ્વારા સ્વામી વિવેકાનંદ ના જન્મદિવસ 12 જાન્યુઆરી યુવા દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી.

આ પ્રસંગે મુખ્ય વક્તા શ્રી કેતનભાઇ પટેલ વડોદરાથી ઉપસ્થિત રહ્યા હતા જેમણે સ્વામી વિવેકાનંદના જીવન કાર્ય અને વિચારો વિદ્યાર્થીઓ સમક્ષ મૂક્યા હતા ભારતીય યુવાનોના આદર્શ એવા સ્વામી વિવેકાનંદના જીવનમાંથી વિદ્યાર્થીઓ પ્રેરણા લે અને રાષ્ટ્ર ઘડતરમાં સહભાગી બને એવી આશા વ્યક્ત કરી હતી આજનું ઉત્તમ વિચાર વાળો યુવાન ભારતનું નવનિર્માણ કરશે, ભારત વિશ્વ ગુરુ બનશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો આ પ્રસંગે પ્રિ. ડૉ. અભય પરમાર સાહેબે પણ પ્રસંગોચિત ઉદ્બુતમ કર્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ત્રણ ઓમકાર શાંતિ પાઠ તથા પ્રાર્થના કરવામાં આવી હતી કાર્યક્રમનું સંચાલન સેમ ત્રણના વિદ્યાર્થી રાઘવ ડામોર દ્વારા કરવામાં આવ્યું વિવેકાનંદ કેન્દ્રમાંથી શ્રી રાજનભાઈ,ભરતભાઈ ચૌહાણ, ભરતભાઈ સેવક ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના અંતે સ્વામીજીના પ્રતિમાને પુષ્પાંજલિ આપી શુભ સંકલ્પ લેવામાં આવ્યા હતા આવનાર ઉત્તરાયણના તહેવાર નિમિત્તે પ્રાણી પક્ષીઓને નુકસાન ન થાય તે રીતે ઉત્તરાયણ ઉજવવાનો સંકલ્પ પણ લીધો હતો.

આયોજન અને વ્યવસ્થા NSS વોલન્ટીયર્સ અને ઇતિહાસ વિભાગના વિદ્યાર્થીઓએ કર્યું હતું.








**તારીખ:-18/01/2023**

## (18)એનિમિયા તપાસ કેમ્પ

આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંતરામપુરના રાષ્ટ્રીય સેવા યોજના NSS યુનિટ અને દાણી ફાઉન્ડેશન કપડવંજ તેમજ ડોક્ટર હેડગેવાર સેવા સમિતિ, મહીસાગર ના સંયુક્ત ઉપક્રમે આજ તારીખ 18/01/2023 ના રોજ કોલેજમાં લોહીની ફિકાસ એટલે કે એનિમિયા છે કે નહીં તેની પ્રાથમિક સ્વયં તપાસ માટેનો કેમ્પ એટલે કે આયર્ન ચેકઅપ કેમ્પ રાખવામાં આવ્યો હતો આ પ્રસંગે અમદાવાદથી દાણી ફાઉન્ડેશનના ડોક્ટર વિરેન દોશી તથા નીતાબેન દોશી ઉપસ્થિત રહ્યા હતા ડોક્ટર વિરેન દોશીએ સૌપ્રથમ લોહીમાં આયર્ન અને હિમોગ્લોબિનના મહત્વ વિશે વિદ્યાર્થીઓને સંબોધન કર્યું હતું તેમણે જણાવ્યું હતું કે શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી જાળવી રાખવા શરીરને પુરતો પ્રાણ વાયુ એટલે કે ઓક્સિજન મળતો રહેવો જોઈએ, આ કામ શરીરમાં રહેલા હિમોગ્લોબિન દ્વારા થાય છે, હિમોગ્લોબિન શરીરને ઓક્સિજન પૂરો પાડે છે સ્ફૂર્તિ પૂરી પાડે છે. શરીરમાં પૂરતુ લોહી પેદા કરવા માટે પાંચ બાબતો ઉપર ભાર મૂક્યો હતો એક તો લીલા પાંદડા વાળા શાકભાજી ખોરાકમાં સામેલ કરવા બીજું ફણગાવેલી બાજરી, મગ અને અડદ જેવા કઠોળ ખોરાકમાં લેવા. ત્રીજું લોખંડના વાસણમાં રસોઈ બનાવી ચોથું આર્યનની લાલ ગોળી નિયમિત લેવી તથા પાંચમું આમળાનું નિયમિત સેવન કરવું જોઈએ આટલી બાબતોનું પાલન કરવાથી ઝડપથી લોહીની ઉણપ દૂર કરી શકાય છે. આટલા સંબોધન પછી સ્વપરિક્ષણ કીટ દ્વારા વિદ્યાર્થીઓએ પોતાના શરીરમાં કેટલું લોહી છે તેની જાતે ચકાસણી કરી હતી. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડોક્ટર અભય પરમાર તેમજ સમાજ સેવક સુરેશભાઈ ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન NSS પ્રોગ્રામ ઓફિસર ડોક્ટર અમૃત ઠાકોર તેમજ અર્જુન ભાટી દ્વારા કરવામાં આવ્યું હતું.








**તારીખ:-21/01/2023 થી 23/01/2023**

**(19)ત્રી દિવસીય ઝોનલ વર્કશોપનું વિદ્યાર્થીઓની હાજરી**

આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરના ચાર વિદ્યાર્થીઓ બે ભાઈઓ અને બે બહેનો એ યુનિવર્સિટીના NSS વિભાગ અને ઉચ્ચ શિક્ષણ ગુજરાત રાજ્ય ગાંધીનગર ના અનુદાનથી શ્રીમતી સી.આર ગાડી આર્ટસ કોલેજ મુનપુર ખાતે યોજાયેલ ત્રિ દિવસીય ઝોનલ વર્કશોપમાં હાજરી આપી હતી. જેમાં

1. પટેલ અર્પણ કુમાર વિજયભાઈ
2. ડીંડોર વિવેકકુમાર જશવંતલાલ
3. નીનામા સેજલબેન દલસિંગભાઈ
4. ડામોર ઈલાબેન રમેશભાઈ

આ ચાર વોલેન્ટિયર્સ હાજર રહ્યા હતા.




**<u>તારીખ:-23/01/2023</u>**

## <u>(20)નેતાજી સુભાષચંદ્ર બોઝની 126 ની જન્મ જયંતી ની ઉજવણી</u>

આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરના ઇતિહાસ વિભાગ દ્વારા તારીખ 23/01/2023 ના રોજ "નેતાજી સુભાષચંદ્ર બોઝ ધ ફરગોટન"હીરો ફિલ્મ બતાવવામાં આવી. રાષ્ટ્રની આઝાદી માટે જીવનભર સંઘર્ષ કરનાર, સાહસ અને બલિદાનની સૌર્ય ગાથા સમાન નેતાજી સુભાષચંદ્ર બોઝના જીવન અને કાર્ય વિશે, વિદ્યાર્થીઓએ જાણકારી મેળવી તેમજ નેતાજીએ દેશની આઝાદી માટે આપેલા બલિદાનને યાદ કર્યુ તેમજ ફિલ્મ સ્વરૂપે જોયું પણ ખરું. લગભગ 100 જેટલા વિદ્યાર્થીઓએ આ ફિલ્મ જોઈ અને નેતાજીના જન્મદિવસ નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ આપી હતી.









**તારીખ:-25/01/2023**

## (21)રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી

આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંતરામપુર, એનએસએસ (NSS) યુનિટ દ્વારા આજરોજ તારીખ 25/01/2023 ના રોજ તેરમાં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ઇતિહાસ વિભાગના વડા પ્રો. એજી.ઠાકોરે વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય મતદાતા દિવસનું મહત્વ સમજાવતું માહિતી સભર વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે 2011થી દેશમાં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેમની ઉંમર 18 વર્ષ થઈ ગઈ છે તેવા યુવાનોએ પોતાનું ચૂંટણી કાર્ડ કઢાવી લેવું જોઇએ અને સમાજમાં આ અંગે જાગૃતિ ફેલાવવી જોઇએ લોકશાહી દેશમાં ચુટણી એક રાષ્ટ્રીય પર્વ છે. એમાં યુવાનોએ સૌથી મહત્વની ભૂમિકા નિભાવવા હોય છે ત્યારે પોતાનું ચૂંટણી કાર્ડ કઈ રીતે કઢાવવું તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું, લોકશાહી દેશમાં મતદારોના મહત્વ વિશે પણ માહિતી આપવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું આયોજન એનએસએસ પ્રોગ્રામ ઓફિસર પ્રોફેસર એ.જી.ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું.












**તારીખ:-27/01/2023**


**(22)ફુડ પ્લેનેટ હેલ્થ અવેરનેસ સેશન ઓનલાઇન વેબિનાર**

આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર NSS યુનિટ અને વેગન આઉટ રિચ અને યુવા બાબતો તથા રમત મંત્રાલયના સહયોગથી ઉપરોક્ત વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે ફૂડ પ્લેનેટ હેલ્થ અવેરનેસ આઉટરિચ કૉ ઓડીનેટર નિજા ધીલોન મેડમ અને વક્તા રુચા મહેતા મેડમ દ્વારા ફુડ પ્લેનેટ હેલ્થ વિશે તેમજ શાકાહારના મહત્વ વિશે માહિતી આપી. ફિટનેસ માટે આહારમાં પ્રોટીનની પૂર્તિ માટેના જરૂરી સ્ત્રોત અંગે જાણકારી આપી. વધુ પ્રમાણમાં દૂધ, વધારે માસ મેળવવા માટે પ્રાણી પક્ષીઓને જે હોર્મોન્સના ઇન્જેક્શન આપવામાં આવે છે તેનાથી થતા નુકસાન અંગે જાણકારી આપી. સારા સ્વાસ્થ્ય માટે આપણે વધુને વધુ શાકાહારી બનાવવા જણાવવું જોઈએ. સમગ્ર આયોજન પ્રો. દેવરાજ નંદા એ કર્યું હતું સાથે સંચાલન દેવાંશી નંદાએ પણ કર્યું હતું.




11:16
81%
Vegan Outreach – Primary Zoom Ac...
Richa
Devanshi nanda
Dr. Mukesh Bhatt
Those sol license. If webinars up,
they can actually call me


11:18
81%
Vegan Outreach – Primary Zoom Ac...
Devanshi nanda
Dr. Mukesh Bhatt
arpankumr ptel
As faculty, my name both in Jada
benefit. I'm located

**<u>તારીખ:-25/02/2023</u>**

## <u>(23)પર્યાવરણ જાળવણી અર્થે પ્રકૃતિ દર્શન શિબિર</u>

આજરોજ તારીખ:-25/02/2023 ના રોજ આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરના NSS યુનિટ દ્વારા પર્યાવરણ જાળવણીના ઉદ્દેશ સાથે એક દિવસીય પ્રકૃતિ દર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું આ શિબિર મા NSS અને NCC સહિત કોલેજના 40 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો સંતરામપુર થી 16 કિલોમીટરના અંતરે આવેલ રળિયામણા કડાણા ડેમ સાઈડ પરના પાણીયાર ગામની મુલાકાત લેવામાં આવી હતી રસ્તામાં કણજરા જેવા ગામોના સુંદર પ્રાકૃતિક દ્રશ્યો નિહાળ્યા હતા વિદ્યાર્થીઓએ પાણિયાર મુકામે નદીના કિનારે બેસી સુંદર દ્રશ્ય સામે શાંત રહીને આંખો બંધ કરીને પક્ષીઓનો કલરવ સાંભળ્યો હતો પાણીનો ખડખડાટ અવાજ સાંભળ્યો હતો પર્યાવરણ જાળવણી અંગે એડવેન્ચરના અનુભવી અને કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી શિવાજીભાઈ મહાડીકે વિદ્યાર્થીઓને સુંદર માર્ગદર્શન આપ્યું હતું.












ROTRL





**<u>તારીખ:-28/09/2022 થી 01/10/2022</u>**

**<u>(24)ક્લાઈમેટ ચેન્જ યુથ અવેરનેસ પ્રોગ્રામ (ડિબેટ સ્પર્ધા)</u>**

ક્લાઈમેટ ચેન્જ યુથ પ્રોગ્રામ અંતર્ગત તારીખ:-28/09/2022 ના રોજ ડિબેટ નું આયોજન કરવામાં આવ્યું જેમાં ૧૬ વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો હાજર હતા આ ડિબેટ નો વિષય હતો ‘ શું પર્યાવરણ બચાવી શકાશે?’ આ સમગ્ર ડિબેટમાં આઠ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો બાકીના પ્રેક્ષક તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

વિજેતા વિદ્યાર્થીઓ

1. પટેલ ગણપતભાઈ સોમાભાઈ
2. ડબગર યોગેશકુમાર જશવંતભાઈ
3. પરમાર માધવકુમાર રમેશભાઈ









**<u>તારીખ:-28/09/2022</u>**

**<u>ક્લાઈમેટ ચેન્જ યુથ અવેરનેસ આઉટરિચ પ્રોગ્રામ (વકૃત્વ સ્પર્ધા)</u>**

ક્લાઈમેટ ચેન્જ યુથ આઉટરિચ પ્રોગ્રામ અંતર્ગત તા :-28/09/2022 ના રોજ વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૧૬ વિદ્યાર્થીઓ ભાગ લીધેલો વકૃત્વ સ્પર્ધાનો વિષય હતો પર્યાવરણમાં પરિવર્તનના કારણો વિદ્યાર્થીઓએ આ પ્રોગ્રામમાં ઉત્સવ પૂર્વ ભાગ લીધો હતો.

વિજેતા વિદ્યાર્થીઓ

1. કિશોરી અશોકકુમાર પરથીભાઇ
2. ડામોર મયુરકુમાર પંકજભાઈ
3. ખરાડી દિક્ષિતાબેન મહેન્દ્રભાઈ









**<u>તારીખ:-29/09/2022</u>**

## ક્લાઈમેટ ચેન્જ યુથ અવેરનેસ આઉટરિચ પ્રોગ્રામ (સ્લોગન સ્પર્ધા)

ક્લાઈમેટ ચેન્જ યુથ આઉટરિચ પ્રોગ્રામ અંતર્ગત તારીખ:-29/09/2022 ના રોજ સ્લોગન સ્પર્ધા રાખવામાં આવી હતી જેમાં કોલેજના 21 વિદ્યાર્થીઓ ઉત્સવ પૂર્વક ભાગ લીધો હતો 9 વિદ્યાર્થીઓ અને 12 વિદ્યાર્થીનીઓ પોતાના સ્લોગન લખીને આપેલ હતા જેમાંથી નીચે મુજબ વિદ્યાર્થી વિજેતા છે.

1. રાણા ધ્રુવી બેન
2. બારીયા રમીલાબેન
3. પરમાર વિપુલકુમાર










**<u>તારીખ:-30/09/2022</u>**


**<u>ક્લાઈમેટ ચેન્જ યુથ આઉટરિચ પ્રોગ્રામ (પર્યાવરણ અંગે ન્યૂ આઈડિયા સ્પર્ધા)</u>**

ક્લાઈમેટ ચેન્જ યુથ આઉટરિચ પ્રોગ્રામ અંતર્ગત તારીખ:-30/09/2022 ના રોજ પર્યાવરણ બચાવવા અંગે નવા આઈડિયા રજૂ કરવા બાબતે વિદ્યાર્થીઓની સ્પર્ધા રાખી હતી જેમાં કુલ સાત વિદ્યાર્થીઓએ પોતાના ન્યુ આઈડિયા રજૂ કર્યા હતા જેમાં વિજેતા વિદ્યાર્થી નીચે મુજબ છે.

1. ડીંડોર વિવેક
2. ભૂનેતર હેમંત
3. ચરપોટ આશિષ



**તારીખ:-01/10/2022**

**ક્લાઈમેટ ચેન્જ યુથ આઉટરિચ પ્રોગ્રામ (નિબંધ સ્પર્ધા)**

અંતર્ગત તારીખ:-01/10/2022 ના રોજ કોલેજમાં નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું આ સ્પર્ધાનો વિષય હતો પર્યાવરણ બચાવો જીવન બચાવો જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સવ પૂર્વક ભાગ લીધો હતો કુલ ૭ વિદ્યાર્થીઓ એ નિબંધ લખ્યા હતા.

વિજેતા વિદ્યાર્થીઓ

1. ખાટ સૃષ્ટિબેન જશવંતસિંહ
2. ડામોર રાઘવ બાબુભાઈ
3. શેખ લુખમાન જજ્જુમીયા
4. ડામોર મયુર પંકજભાઈ





